આજના ધાર્મિક કાર્યક્રમ

- શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેક્ટર-૨૩ દ્વારા શ્રાવણ માસ નિમિત્તે સિવમહિમ્ન પાઠ અને સ્તુતી વંદના, આજે રાત્રે ૯.૦૦ વાગે જયંતિલાલ દશરથભાઈ જાની, પ્લોટ નં. ૨૫, વિરાટનગર ખાતે યોજાશે.
- શ્રી શિવ-શક્તિ શિવમહિમ્ન સ્ત્રોત મંડળ સેક્ટર-૨૩ દ્વારા શિવ મહિમ્ન સ્ત્રોત આજે રાત્રે ૯.૦૦ વાગે ભાસ્કરભાઈ વ્યાસ બ્લોક નં. ૩૮૫, એ-૭, ચર્ચ સામે નવરાત્રી ચોક પાસે યોજાશે.
- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા શિવ મહિમ્ન પાઠ આજે રાત્રે ૮.૩૦ વાગે દિનેશભાઈ દવે પ્લોટ નં. ૫૭/૨, સેક્ટર-૪-એ ખાતે યોજાશે.
- વાવોલ રામધામ ખાતે ચાલતી રામકથામાં આજે પાર્વતી પ્રસંગ અને વિવિધ ત્રાંબા-પિત્તળ વાસણના હિંડોળા ઝુલાવવામાં આવશે.

ચિલોડા સર્કલથી વિદેશી દારૂનો જથ્થો ભરેલી બોલેરો જીપ ઝડપાઈ

૩.૬૬ લાખનો મુદ્દામાલ જપ્ત : બુટલેગર ફરાર

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર નજીક આવેલા ચિલોડા સર્કલ પાસેથી વિદેશી દારૂ-બીયરનો જથ્થો ભરેલી એક બોલેરો જીપ પસાર થઇ રહી હોવાની બાતમીને આધારે ચિલોડા પોલીસે વોચ ગોઠવીને સર્કલ પાસેથી દારૂ-બીયરના જથ્થા સાથે જીપ ઝડપી પાડી હતી. બોલેરો જીપમાંથી રૂ.૬૬ હજારની કિંમતનો દારૂ-બીયરનો જથ્થો મળી આવતા પોલીસે દારૂ તથા જીપ મળી રૂ.૩.૬૬ લાખનો મુદ્દામાલ કબજે લઇ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ દારૂ ભરેલી ગાડી મુકીને બુટલેગર નાસી છૂટવામાં સફળ રહ્યો હતો.

ચિલોડા પોલીસ મથકના સીની.પીઆઈ કે.એમ.ચ્વિદર્શીને આજે બપોરે બાતમી મળી હતી કે એક બોલેરો જીપ નં.જીજે ૧૬ એ.જે. ૨૪૬૭ વિદેશી દારૂના જથ્થા સાથે ચિલોડા પાસેથી પસાર થવાની છે. જેને આધારે તેમની ટીમ સાથે બાતમી વાળા સ્થળ ચિલોડા સર્કલ પાસે પહોંચી ગયા હતા. થોડી વારમાં બાતમી વાળી જીપ ત્યાંથી પસાર થતા ઉભી રાખવા ટીમે ઈશારો કર્યો હતો. જો કે પોલીસને જોઈને જીપ મૂકી દઈ બુટલેગર ફરાર થઈ ગયો હતો. ચિલોડા પોલીસે નાસી છુટેલા આરોપી સામે ગેહીબીશનનો ગુનો દાખલ કરીને જીપમાંથી ૯ પેટી વિદેશી દારૂ (૧૦૮ નંગ બોટલ) કિં.રૂ.૩૨,૪૦૦ તથા ૧૪ પેટી બીયર(૩૩૬ નંગ ટીન) કિં.રૂ. ૩૩,૬૦૦ નો દારૂ-બીયરનો જથ્થો જપ્ત કરી લીધો હતો. પોલીસે રૂ.૩.૬૬ લાખનો મુદ્દામાલ કબજે લઇ ડી તપાસ આરંભી છે.

ઈન્ફોસિટી ખાતે ગાંધીનગરની સુવર્ણજયંતિ પ્રસંગે વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ. ઈન્ફોસિટી ક્લબના સુહાસ બારોટ, વિશ્વ હિન્દુ પરીષદના ડૉ. જયદીપ પટેલ, ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા, પ.પૂ. ફૂલશંકર શાસ્ત્રીજી, વસાહતમંડળના પ્રમુખ શ્રી અરૂણ બૂચ વિગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કશ્યપ નીમાવત)

શહેરમાં ઠેર ઠેર રખડતા ઢોરોનો ઉપદ્રવ વધતા વાહન ચાલકોને હાલાકી

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરમાં રખડતા ઢોરોનો ત્રાસ દિવસે દિવસે વધતો જાય છે. ઠેર ઠેર રોડ પર શોપીંગોમાં કે પછી ગાર્ડનમાં રખડતા પશુઓ અડ્ડો જમાવી દેતા હોય છે. શહેરમાં ઢોર ડબાની વ્યવસ્થા હોવા છતાં આ પશુઓને પકડવામાં આવતા નથી અને તેના કારણે અવાર નવાર અકસ્માતો પણ થાય છે.

ગાંધીનગર રાજયનું પાટનગર હોવાથી તમામ પ્રકારની સગવડો રહીશોને મળે છે. પરંતુ સિક્કાની બે બાજુ હોય તેમ અગવડો પણ વધારે છે. ચોમાસાનો વરસાદ પડતા નગરની ખુલ્લી જગ્યામાં ઠેર ઠેર હરિયાળી પથરાઈ જવા પામી છે. લીલોતરી જોઈને આંખે ટાઢક વળે તેવું સૌંદર્ય ખીલી ઉઠયું છે. પરંતુ સૌંદર્યને રખડતા પશુઓ કદરૂપું બનાવે છે.

લીલું ઘાસ ચરવા માટે પશુઓ અત્યારે ખુલ્લામાં ફરી રહ્યા છે. ચારો ચરવા માટે રોડની વચ્ચે બનાવવામાં આવેલ ડિવાઈડર પર ઘાસ ઉગી નીકળતા ઘાસને ચરવા માટે રોડ વચ્ચે પોતાનો અડ્ડો જમાવે છે. જેના કારણે રોડ ઉપર ટ્રાફીક જામના દૃશ્યો સર્જાય છે. ઘણી વખત આ પશુઓના કારણે મોટા મોટા અકસ્માતો સર્જાય છે. તેમાં ઘણા લોકોની જીંદગી નંદવાઈ જાય છે. હમણાં જ મીના બજારના વેપારીને રખડતા આખલાએ ફંગોળ્યો હતો. અને તેના કારણે આ વેપારી ૬ મહિનાના ખાટલે પડયા છે.

શહેરમાં સેકટર-૨૨માં ઢોર ડબાની વ્યવસ્થા પણ છે પરંતુ તંત્રને આ પશુઓ પકડવામાં કયાં દુઃખે છે તે ખ્યાલ આવતો નથી. અવારનવાર દૈનિક પેપરોમાં વિધાનસભા સામેની લોનમાં, ચ-૫ સર્કલે બનાવવામાં આવેલ કોર્નર પર ગાર્ડનની તેમજ શહેરમાં માતેલા સાંઢની જેમ ખુલ્લામાં યુદ્ધ કરતી તસવીરો પ્રસિધ્ધ થઈ છે છતાં તંત્રની આંખ ઉઘડતી નથી. શું આ રખડતા ઢોર કોઈની જીંદગી છીનવી લે ત્યારબાદ તંત્ર જાગશે?

શેઠ સી.એમ. હાઈસ્કુલના માનવ પટેલ વકતૃત્વમાં પ્રથમ સ્થાને

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા 'મારા સ્વપ્નનું ગાંધીનગર' વિષય પર વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ગાંધીનગરની શાળાઓએ ભાગ લીધો હતો. જેમાં શેઠ સી.એમ. હાઈસ્કુલ એન્ડ હાયર સેકન્ડરી સ્કુલના ધોરણ-૯ના વિદ્યાર્થી માનવ પટેલને પ્રથમ સ્થાન મળ્યું છે. ગાંધીનગરના સ્થાપના દિને તા. ૨જી ઓગષ્ટે આરોગ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલ દ્વારા અભિવાદનપત્ર, ડીક્ષનરી અને ૧૬જીબીના યુએસબી દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવેલ. શાળાનું ગોરવ વધારવા બદલ આચાર્ય શ્રી બી.કે. પટેલ તથા શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

સે-૧૫ કોમર્સ કોલેજમાં એનરોલમેન્ટ ફોર્મ ભરાશે

ગાંધીનગર, તા.૫

સેકટર-૧૫માં આવેલ સરકારી વાણિજય કોલેજમાં એનરોલમેન્ટ ફોર્મ ભરવામાં આવશે. પ્રથમ વર્ષ બી.કોમ સેમેસ્ટર-૧માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ ફોર્મ તા. ૭, ૮ ઓગષ્ટ અને તા. ૧૧,૧૨ ઓગષ્ટના રોજ ફોર્મ ભરવાની કાર્યવાહી કરાશે. જે વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ ફોર્મ ભરેલ નહિ હોય તેમનો પ્રવેશ રદ ગણાશે. જેની વિદ્યાર્થીઓએ નોંધ લેવા વિનંતી છે.

ઈન્ટર કોલેજ ક્વીઝ સ્પર્ધા યોજાઈ

સે. ૭ શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં અંગ્રેજી સપ્તાહની ઉજવણીના ભાગરૂપે શબ્દ પર આંતર કોલેજ સ્પર્ધા અને તેમની કવિતા પર લેખિત ટેસ્ટ યોજવામાં આવી હતી. સ્પર્ધામાં પાંચ કોલેજોએ ભાગ લીધો હતો. જેમાં સરકારી આર્ટસ કોલેજ સે. ૧૫ પ્રથમ, શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ સે. ૭ બીજો અને ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ કોલેજ સે. ૨૩ ત્રીજો નંબર મેળવ્યો હતો. તમામ કોલેજને પ્રિન્સિપાલ ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ વિદ્યાર્થીઓને ઈનામ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કર્યા હતા.

પ્રેરણા વિદ્યાલયની વિદ્યાર્થીનીએ કાઠમંડુમાં કાઠુ કાઢ્યું

ગાંધીનગર, તા. ૫

સેક્ટર-૫માં આવેલ પ્રેરણા વિદ્યાલયની વિદ્યાર્થીનીએ કાઠમંડુમાં યોજાયેલ એશિયન મત્સોગી-ડુ યુનિયન અને ઈન્ટરનેશનલ મત્સોગી-ડુ ચેમ્પિયનશીપમાં પ્રથમ નંબર મેળવ્યો છે.

નેપાળના કાઠમંડુ ખાતે ગત તા. ૧૬, ૧૭ જૂનના રોજ એશિયન મત્સોગી-ડુ યુનિયન અને ઈન્ટરનેશનલ મત્સોગી-ડુ જુનિયર કાઉન્સિલ અંતર્ગત એશિયન મત્સોગી-ડુ જુનિયર કાઉન્સિલ અંતર્ગત એશિયન મત્સોગુ-ડુ ચેમ્પિયનશીપ-૨૦૧૪-૧૫ સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં ગાંધીનગરના સેક્ટર-૫માં આવેલ ઉર્વશી પ્રવિણસિંહ રાજપૂતે ૫૬કિ.ગ્રા. વર્ગમાં ભાગ લીધો હતો.

ઉર્વશીએ ૫૬ કિ.ગ્રા. વર્ગમાં પ્રથમ નંબર મેળવ્યો છે. આ ઉપરાંત વિદ્યાર્થીનીએ જિલ્લાકક્ષાની અન્ડર-૧૯માં બોક્સીંગ અને કીક સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવી રાજ્યકક્ષાએ પસંદગી પામી છે. ત્યારે આ સિદ્ધિને શાળાના ટ્રસ્ટી નરેશભાઈ શાહ, પ્રદિપસિંહ વાઘેલા અને આચાર્યા સ્વાતીબા રાઓલે અભિનંદન પાઠવ્યા છે.

રક્ષાબંધનનો તહેવાર એ ભારતનો અનોખો અને મુખ્ય તહેવારોમાંનો એક છે. આ દિવસે બહેન ભાઈની રક્ષા અને દિર્ઘાયુ માટે રાખડી બાંધે છે. ગુજરાતમાં વિવિધ ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરવા રાજસ્થાન અને અન્ય રાજ્યોમાંથી અનેક શ્રમિકો અને કારીગરો આવે છે. તેઓ રક્ષાબંધને બહેન પાસે રાખડી બંધાવવા વતનની વાટ પકડે છે. આ સમયે ખૂબદ ઘસારો હોવાથી આ મુસાફરો જીવના જોખમે બસના છાપરે બેસીને લાંબી મુસાફરી કરે છે. ચિલોડા સર્કલે રાજસ્થાન તરફ જવા માટે સાધન મેળવવાનું મુખ્ય મથક બન્યું છે. હાઈવે પર પોલીસની રહેમ નજર નીચે ખાનગી બસોવાળા આ સીઝનનો 'વેપલો' કરી લેવાનું ચૂકતા નથી. (તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ચૌધરી કન્યા કોલેજ સેક્ટર-૭ ખાતે ગાંધીનગરના જન્મદિનને વધાવતા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં ટ્રસ્ટીમંડળે ઉત્સાહપુર્વક વિદ્યાર્થીનીઓ સાથે ભાગ લીધો હતો. ત્યારબાદ સ્થાનિક રહીશોને ઘરે ઘરે રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. એન.એસએસ. અને એન.સી.સી.ની વિદ્યાર્થીનીઓ પણ સાથે જોડાઈ હતી. આ સર્વે કાર્યમાં સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ, પ્રાધ્યાપક મેહુલ શાસ્ત્રી અને બીગશોટ ઈવેન્ટસ મેનેજમેન્ટના સંજય તન્નાનો સાથ સહકાર પ્રાપ્ત થયો હતો. (તસવીર : કશ્યપ નીમાવત)

વહાણવટી સ્કૂલ સેક્ટર-૭ ખાતે વ્યસનમુક્ત કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં શિક્ષકો દ્વારા વ્યસનથી દૂર રહેવાની સમજ આપવામાં આવી હતી. (તસવીર : કશ્યપ નીમાવત)

આવતીકાલે ગાંધીનગરમાં મહિલા પશુપાલન શિબિરનું યોજાશે

ગાંધીનગર, તા. ૫

ગુજરાત સરકાર દ્વારા મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી કરાઈ રહી છે. આ અંતર્ગત જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ દ્વારા 'મહિલા પશુપાલન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર તા. ૭મી ઓગસ્ટ ગુરૂવારે સવારે ૮ થી બપોરના ૧ વાગ્યા સુધી સે. ૧૭માં ટાઉનહોલ ખાતે યોજાશે. આ શિબિરમાં રાજ્યના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી વસુબેન ત્રિવેદી અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહેશે.

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા મહિલા સશક્તિકરણ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી હાથ ધરાઈ રહી છે ત્યારે જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ દ્વારા પશુપાલનના વ્યવસાયમાં જોડાયેલી મહિલાઓને તેમના વ્યવસાયમાં વૈજ્ઞાનિક પદ્ધતિઓ અંગે તેમજ તેમના હકો અને અધિકારો ઉપરાંત સરકારી યોજનાઓ અંગે માહિતી પુરી પાડવાના આશયથી 'મહિલા પશુપાલન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં પશુપાલન વિષય નિષ્ણાંત દ્વારા વક્તવ્યોનું આયોજન કરવામાં આવ્યુંછે. તેમજ વધુ દૂધ ઉત્પાદન કરેલ મહિલા પશુપાલકોનું સન્માન પણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં મંત્રી વસુબેન ત્રિવેદી ઉપરાંત ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર, ઉત્તરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, સહકારી દૂધ ઉત્પાદક ફેડરેશનના ચેરમેન જેઠાભાઈ પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખ હિનાબેન પટેલ, પશુપાલક નિયામક ડૉ. એ.જે. કાછીઆ પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી વિક્ટર મેકવાન ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત જિલ્લા દૂધ ઉત્પાદક સંઘના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા, મેનેજીંગ ડિરેક્ટર રોહિતકુમાર મહેતા અને નિયામક મંડળના સભ્યો ઉપસ્થિત રહેનાર છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૩
સૂર્યાસ્ત : ૭.૧૭

તાપમાન

મહત્તમ : ૩૦.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૯ ટકા ● સાંજે ૮૧ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
કીક : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
કીક : ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
હરક્યુલસ(અંગ્રેજી) (૩ડી) : ૨.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૮.૦૦
કીક : ૧૦.૦૦

સ્ક્રીન-૪ :
લતીફ - કીંગ ઓફ કાઈમ : ૧૨.૦૦, ૨.૧૫
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૦૦
અલ્લુડુ સીનુ (તેલુગુ) : ૭.૦૦

: સ્ક્રીન-૫ :
કીક :૧૦.૦૦,
લતીફ - કીંગ ઓફ કાઈમ : ૭.૦૦
હેટ સ્ટોરી-૨ : ૭.૦૦

: સ્ક્રીન-૬ :
હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૪.૩૦
લતીફ - કીંગ ઓફ કાઈમ : ૭.૦૦
કીક :૧૦.૦૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
કીક : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
કીક : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૩ :
લતીફ - કીંગ ઓફ કાઈમ : ૧૦.૧૫. ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

ધાર્મિક કાર્યક્રમ

- શ્રાવણ સુદ દસમ , તા. ૬-૮-૨૦૧૪, બુધવારના રોજ કેસરી ઘટાનાં હિડોળા, શ્રીજી શ્રીગોવર્ધનનાથજીની હવેલી, સેક્ટર-૨૧, ગાંધીનગર.

આપની આજ

મેષ : વિવાદોથી બચવું. આર્થિક ક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્ય થઈ શકે છે. વિશેષ લેવડ-દેવડથી બચવું. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે.

વૃષભ : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તન. અને યાત્રાના સંભાવના. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

મિથુન : પદ પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા થઈ શકે છે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે.

કર્ક : કૌટુંબિક સમસ્યાઓ કુશળતાથી નીપટાવવી. નોકરી-વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. વ્યાપારમાં પ્રગતિ થશે.

સિંહ : પદ, પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા થશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે.

કન્યા : ભાગીદારીથી વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ. વ્યાપારીક વર્ગ માટે લાભ મેળવવાની ઉત્તમ તક. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

તુલા : મંગળ પ્રસંગોમાં સમય પસાર થશે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

વૃશ્ચિક : શિક્ષા સંબંધિ ઉપલબ્ધિદાયક યોગ. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

ધન : ધાર્મિક કાર્યોમાં વિશેષ ધન વ્યય થઈ શકે છે. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થશે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે.

મકર : દૈનિક વ્યાપાર, કૌટુંબિક માંગલિક કાર્યો, ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ.

કુંભ : પરિવાર, વેપારની બોદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

મીન : નવા આર્થિક સ્ત્રોતો પર કાર્યો થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપારિક ભાગીદારીથી લાભ પ્રાપ્તિ થઈ શકે છે.

ચિરવિદાય

- સ્વ. જગુબેન મેજીભાઈ રબારી (ઉ.વ.૭૨) મુ. ગોકુલપુરા,ગાંધીનગર.
- સ્વ. ગજરીબેન રામાજી વણઝારા (ઉ.વ.૯૮) મુ. ગોકુલપુરા, ગાંધીનગર.
- સ્વ. પટેલ શારદાબેન ત્રિકમદાસ (ઉ.વ.૭૫) મુ. મહુદરા, તા.જી. ગાંધીનગર.
- સ્વ. સેજલબેન પરેશકુમાર વાળંદ (ઉ.વ.૨૧) મુ.પો. પ્રાંતિયા, તા.જી. ગાંધીનગર
- સ્વ. ઠાકોર શાંતાબેન જગાજી (ઉ.વ.૯૫) મુ. નવાનગર, તા. દહેગામ, તા.જી. ગાંધીનગર